ITR ફાઇલિંગની અંતિમ તારીખ નજીક આવતાં જ IT પોર્ટલ ઠપ્પ

લોગ-ઇન અને OTP ના ધાંધિયાથી કરદાતાઓ અને C.A. ભારે પરેશાન

વેબસાઇટ સ્લો ચાલવા અને રિટર્ન સબમિટ ન થવાને કારણે ટેક્સ પ્રોફેસનલ્સમાં ભારે રોષ

સુરતઃ ઈન્કમટેક્સ રિટર્ન (ITR) ફાઈલ કરવાની આખરી તારીખ જેમ-જેમ નજીક આવી રહી છે, તેમ-તેમ આવકવેરા વિભાગના સત્તાવાર ઈ-ફાઈલિંગ પોર્ટલે કરદાતાઓ અને ટેક્સ પ્રોફેસનલ્સની ઊંઘ ઉડાડી દીધી છે. પોર્ટલમાં છેલ્લા કેટલાક દિવસોથી સર્જાયેલી ગંભીર ટેકનિકલ ખામીઓ અને સ્લો સર્વરના કારણે લાખો કરદાતાઓ પોતાનું રિટર્ન સમયસર ફાઈલ કરવામાં ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

કરદાતાઓ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સના જણાવ્યા અનુસાર, પોર્ટલ પર સિસ્ટમ એટલી ધીમી ચાલી રહી છે કે એક નાનું રિટર્ન સબમિટ કરવામાં પણ કલાકો નીકળી જાય છે. યુઝર આઈડી અને પાસવર્ડ નાખ્યા બાદ પેજ અનિશ્ચિત સમય સુધી લોડ થયા કરે છે અથવા 'સર્વર ટાઈમઆઉટ' અને '404 એરર' બતાવે છે. આધાર કે બેંક એકાઉન્ટ દ્વારા રિટર્ન ઈ-વેરિફાય કરવા માટે જરૂરી એવોર્ડિંગ OTP સમયસર મોબાઈલ કે ઈમેલ પર આવતો જ નથી અથવા વેલિડિટી પૂરી થયા પછી મળે છે. ફોર્મ 26AS અને AIS નો ડેટા ફેચ કરવામાં અડચણ આવે છે. વિગતો ભર્યા બાદ ફાઈનલ સબમિશન વખતે સિસ્ટમ હેંગ થઈ જાય છે, જેના કારણે કરદાતાની મહેનત પાણીમાં જાય છે. આઈટીઆર ફાઈલ કરવાની ડેડલાઈન માથે હોવાથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અને ટેક્સ એડવોકેટ્સ પર કામનું ભારે સમાન દબાણ છે. દિવસ દરમિયાન પોર્ટલ અત્યંત સ્લો ચાલતું હોવાથી ઘણા ટેક્સ પ્રોફેસનલ્સ મોડી રાત્રે કે વહેલી સવારે ટ્રાફિક ઓછો હોય ત્યારે કામ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, છતાં કોઈ ખાસ રાહત મળી રહી નથી.

કાપોદ્રામાં પત્નીને આપઘાતની દુષ્પ્રેરણા આપનાર પતિની ધરપકડ

બીજી છોકરી સાથે સંબંધ રાખીશ, તારે મરવું હોય તો મરી જા, કહી પત્નીને મરવા મજબૂર કરી

સુરતઃ કાપોદ્રા વિસ્તારમાં લગ્નના માત્ર બે જ વર્ષમાં ૨૭ વર્ષીય પરિણીતા ખુશ્બુને શારીરિક-માનસિક ત્રાસ આપી અને અન્ય સ્ત્રી સાથેના અફેર મુદ્દે 'ધાબેથી કૂદી પડ અથવા ફાંસો ખાઈ લે' કહી આપઘાત કરવા મજબૂર કરનાર આરોપી પતિ રોનક કાનજીભાઈ ઝાલા (ઉ.વ.૨૮)ની કાપોદ્રા પોલીસે ગણતરીના કલાકોમાં ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કામરેજ ખાતે રહેતા અશોકભાઈ ચુડાસમાની દીકરી ખુશ્બુએ વર્ષ ૨૦૨૩માં હીરા મજૂરી કરતા રોનક ઝાલા સાથે પ્રેમલગ્ન કર્યા હતા. ત્યારબાદ પરિવારજનોએ નવેમ્બર ૨૦૨૫માં સમાજની રીત-રિવાજ મુજબ લગ્ન કરાવી આપ્યા હતા. પરંતુ લગ્નના થોડા સમય બાદથી જ રોનકે ખુશ્બુ પર ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું હતું. તે અવારનવાર જેઠાણીને સગાઈમાં આપવા સોનાની ચેઈન-પેન્ડન્ટ માંગતો હતો અને નાની-નાની વાતોમાં ઝઘડા કરતો હતો. ગત ૧૯ જુલાઈના રોજ ખુશ્બુએ પોતાની માતાને મળીને રડતાં રડતાં જણાવ્યું હતું કે તેણે રોનકને અન્ય છોકરી સાથે વાત કરતા પકડી પાડ્યો હતો. જે અંગે પૂછતાં રોનકે ઉદ્ધતાઈપૂર્વક કહ્યું હતું કે, હું તો એ છોકરી સાથે સંબંધ રાખવાનો જ છું, તારે જીવવું હોય તો જીવ નહીં તો ધાબેથી પડીને મરી જા અથવા ગળેફાંસો ખાઈ લે. આ મેણાં-ટોણાં અને માનસિક ત્રાસથી કંટાળીને ગત તા. ૨૨/૦૭/૨૦૨૬ની રાત્રે ખુશ્બુએ પોતાના ઘરે દુપટ્ટા વડે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. મૃતકના પિતા અશોકભાઈની ફરિયાદના આધારે કાપોદ્રા પોલીસે આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી આરોપી પતિ રોનક કાનજીભાઈ ઝાલા (રહે., બાલમુકુંદ સોસાયટી, કાપોદ્રા, સુરત) ની અટકાયત કરી છે. પોલીસે આરોપી સામે કાયદાકીય શિકંજો કસી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

મોદી સરકાર જેનઝીની અને સોશ્યલ મીડિયાની તાકાતને સમજવામાં થાપ ખાઈ ગઈ છે

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સોશ્યલ મીડિયાની તાકાત ખબર છે. ભાજપનો આઇટી સેલ ઊભો કરીને સોશ્યલ મીડિયાનો ઉપયોગ મોદી સરકારને પ્રમોટ કરવામાં આવ્યો છે, તેટલો ભારતની કોઈ સરકારને પ્રમોટ કરવા માટે કરવામાં આવ્યો નહીં હોય, તેમ છતાં જેનઝીના જંતરમંતર આંદોલન દરમિયાન આ હથિયાર મોદીને બૂમરેંગ થઈ રહ્યું છે. તમે ફેસબુક કે ઇન્સ્ટાગ્રામ મુંબઈ પોલીસની ગાડીને એક હાથ વડે રોકીને ઊભેલી બહાદુર યુવતીની રીલ જોઈ હશે. આ રીલ જોતજોતામાં કરોડો દર્શકો સુધી પહોંચી ગઈ છે અને તેણે મોદી સરકારની છબીને ભરપાઈ ન કરી શકાય તેવું નુકસાન કરીને સોશ્યલ મીડિયાની તાકાતનો પરચો આપી દીધો છે. રિયા આહિર-યાદવ નામની આ યુવતી મુંબઈના દાદરમાં યોજાયેલા વિરોધ પ્રદર્શનમાં સામેલ થઈ હતી. તેના અનેક સાથીઓની અટકાયત કરીને પોલીસે તેમને વાનમાં પૂરી દીધાં હતાં. રિયાએ પોલીસ સાથે બહુ દલીલ કરી કે તેઓ ગેરકાયદે અટકાયત કરી રહ્યા છે, પણ પોલીસે તેની વાત કાને ધરી નહીં. રિયાને થયું કે તે જો ત્વરિત પગલું નહીં ભરે તો ગાડી સ્ટાર્ટ થઈ જશે અને તેના સાથીઓ જેલના સળિયા પાછળ ધકેલાઈ જશે. જરા પણ વિચાર કર્યા વિના રિયા આહિર આગળ આવીને પોલીસની ગાડી સામે ઊભી રહી ગઈ અને તેણે ડ્રાઇવરને પડકાર કર્યો કે તારામાં તાકાત હોય તો મારા પર ગાડી ચલાવી દે. ડ્રાઇ ગયેલા ડ્રાઇવરને ગાડી ઊભી રાખવાની ફરજ પડી.

રિયાની હિંમત જોઈને રસ્તે ચાલતાં રાહદારીઓ અને આંદોલનકારીઓ પણ તેની મદદે દોડી આવ્યાં અને પોલીસની વિરુદ્ધમાં નારા પોકારવા લાગ્યા. પબ્લિકનો ગુસ્સો જોઈને પોલીસને બધા યુવાનોને ત્યાં જ છોડી મૂકવાની ફરજ પડી. આ યુવતીની ક્લિપ જોતજોતામાં વાઇરલ થઈ ગઈ અને લોકો તેને આધુનિક ઝાંસીની રાણી તરીકે બિરદાવવા લાગ્યાં. આજે સોશ્યલ મીડિયામાં હજારો ઇન્ફ્લુઅન્સરો રીલ બનાવીને રિયાની બહાદુરીને બિરદાવી રહ્યાં છે. રિયાનું આ પરાક્રમ મોદી સરકારની પોલીસના અન્યાયનું અને તેની સામેના જેનઝીના પ્રતિકારનું જ્વલંત ઉદાહરણ બની ગયું છે. મોદી સરકારે અબજો રૂપિયાનો ખર્ચો કરીને સોશ્યલ મીડિયામાં જે ઉજળી ઇમેજ બનાવી હતી, તે રિયા આહિરની એક જ રીલની તાકાતને કારણે ધૂળધાણી થઈ ગઈ છે.

પેપર લીકના સરકારના સંચાલન સામે ૨૦ જુલાઈના રોજ થયેલાં પ્રદર્શનો દરમિયાન પોલીસ દ્વારા શાંત પ્રદર્શન કરી રહેલાં યુવાનો પર લાઠીઓ વીંઝવામાં આવી તે બધાનું યુવાનો દ્વારા રેકોર્ડિંગ કરવામાં આવ્યું હતું. પોલીસે પ્રદર્શનકારીઓના તમામ આરોપો અને કાર્યવાહીમાં વધુ પડતા બળપ્રયોગના મીડિયા અહેવાલોને નકારી કાઢ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં સોશ્યલ મીડિયા વિરોધ કરી રહેલાં વિદ્યાર્થીઓ દ્વારા રેકોર્ડ કરાયેલા પુરાવાઓથી છલકાઈ ગયું હતું. સરકાર સામે દિલ્હી હાઈ કોર્ટમાં અરજી કરવામાં આવી તેમાં પણ આ પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. બાર વર્ષ પહેલાં, નરેન્દ્ર મોદી સત્તા પર આવ્યા અને તેમણે ઘણી મહેનત કરી જનતા સુધી પહોંચવા માટે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મનો અસરકારક રીતે ઉપયોગ કર્યો હતો. આજે, જનરલ ઝેડ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર તેમના હિન્દુ બહુમતીવાદી પક્ષના વર્ચસ્વને ઉલટાવી રહ્યું છે. યુવાનો મોદી સરકારની સામે તેમનાં જ સાધનોનો ઉપયોગ કરી રહ્યાં છે, જેના પર ભારતીય જનતા પાર્ટી લાંબા સમયથી આધાર રાખે છે. ભાજપના મીડિયા સેલ દ્વારા મોદી સરકારના ગુણગાન ગાતી કોન્ટેન્ટ પત્રકારોને કરોડો રૂપિયા આપીને તૈયાર કરવામાં આવે છે અને તેને વિવિધ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રમોટ કરવા માટે પણ કરોડો રૂપિયાનો ખર્ચો કરવામાં આવે છે. તેથી વિરુદ્ધ જંતરમંતરમાં ચાલી રહેલા આંદોલન અને ખાસ કરીને યુવાનો પર પોલીસો દ્વારા

ટુ ધ પોઇન્ટ
▪ સંજય વોરા ▪

કરવામાં આવતા અત્યાચારોના વીડિયો જેનઝી દ્વારા શૂટ કરીને અપલોડ કરવામાં આવી રહ્યા છે, જે જોતજોતામાં દુનિયાભરનાં કરોડો દર્શકો સુધી પહોંચી જાય છે. આ વીડિયોને જેનઝીના હજારો ઇન્ફ્લુઅન્સરો દ્વારા પોતપોતાના પ્લેટફોર્મ પર જલદ કોમેન્ટ સાથે અપલોડ કરવામાં આવે છે, જેને કારણે મોદી સરકારની ઇમેજને ભારે નુકસાન પહોંચી રહ્યું છે, પણ સરકાર પાસે તેનો જવાબ નથી.

જેનઝી દ્વારા સોશ્યલ મીડિયાનો કેવી રીતે ખૂબીપૂર્વક ઉપયોગ કરવામાં આવે છે, તેનું બીજું ઉદાહરણ તાજેતરમાં મુંબઈમાં જોવા મળ્યું. મોદી સરકારના વિરોધમાં ભાગ લેનારા બે-ત્રણ યુવાનોની પોલીસે અટકાયત કરી લીધી અને તેમને વાનમાં બેસાડીને એક પોલીસ અધિકારી થાણે લઈ જતા હતા. રસ્તામાં યુવાનોએ પોલીસ અધિકારી સાથે માથાકૂટ ચાલુ કરી કે અમારી ક્યા ગુના હેઠળ ધરપકડ કરવામાં આવી છે, તે જણાવો. ગુસ્સે ભરાયેલા પોલીસ અધિકારીએ યુવાનોને ધમકી આપી કે બહુ બડબડ કરી તો તમારા ખિસ્સામાં ૫૦-૫૦ ગ્રામ માદક દ્રવ્યોના પાવડરનું પડીકું મૂકી દઈશ તો ૬ મહિના સુધી તમને જામીન પણ નહીં મળે. બાપડા અધિકારીને ખબર નહોતી કે એક યુવાન તેનો ડાયલોગ મોબાઈલ વડે રેકોર્ડ કરી રહ્યો છે. વાનમાં બેઠાં બેઠાં જ યુવાને તે વીડિયો સોશ્યલ મીડિયા પર અપલોડ કર્યો. જોતજોતામાં તે વીડિયો જંગલી આગની જેમ વાઇરલ થઈ ગયો અને મહારાષ્ટ્ર સરકાર સુધી પણ પહોંચી ગયો. સરકારે આ ગંભીર ઘટનાની તાત્કાલિક નોંધ લીધી અને ધમકી આપનારા પોલીસ અધિકારીને સસ્પેન્ડ કરી નાખ્યો.

જંતરમંતર વિરોધ આંદોલન પરનું કોઈ દૃશ્ય કેમેરાથી છુપાયેલું નથી, જ્યાં હજારો યુવાનો ચોવીસ કલાક રેકોર્ડિંગ કરતા રહે છે. ૨૦ જુલાઈનાં દૃશ્યો જોઈને સમગ્ર ભારતમાં, મુંબઈ, બેંગલુરુ, પટના, લખનૌ અને ઐઝોલ જેવાં શહેરોનાં યુવાનો ઉશ્કેરાઈ ગયાં હતાં અને તેમણે સ્વયંભૂ રીતે પોતપોતાનાં શહેરોમાં વિરોધ પ્રદર્શનો શરૂ કર્યાં હતાં. યુવાનો દ્વારા તેમના મોબાઈલમાં જે દૃશ્યો રેકોર્ડ કરીને સોશ્યલ મીડિયામાં ફેલાવવામાં આવે છે, તેને કારણે દિલ્હી પોલીસનો અને મોદી સરકારનો બિહામણો ચહેરો બહાર આવી ગયો છે. એક પોલીસ અધિકારી એક મહિલા પ્રદર્શનકારીની પીઠ પર ડંડો ફેંકી રહ્યા છે; રાષ્ટ્રીય રાજધાનીમાં પહેલી વાર પોલીસ સાથે તૈનાત અર્ધલશ્કરી દળ દ્વારા ઘાતક પેલેટ ગનનો ઉપયોગ થઈ રહ્યો છે; ડઝનબંધ પોલીસ અધિકારીઓ રડતી અને વિનંતી કરતી એક માતાને ધક્કા મારી રહ્યા છે; નિઃશસ્ત્ર વિદ્યાર્થીઓને થપ્પડ મારીને પીછો કરતો બીજો અધિકારી; મોટા ચશ્માં પહેરેલા પોલીસ અધિકારીઓ; વિરોધ પટ્ટીની બહાર ક્ષતિગ્રસ્ત કારને રોકતા કાયદા અમલીકરણ એજન્ટો અને જ્યાં એક અધિકારી ટીયર ગેસથી ભાગતા વિદ્યાર્થીઓને આકસ્મિક રીતે ફસાવે છે તેવા ફૂટેજ વાઇરલ થયા છે.

મોદી પ્રત્યે મૈત્રીપૂર્ણ વલણ ધરાવતી મુખ્ય પ્રવાહની ટેલિવિઝન ન્યૂઝ ચેનલો પર વિરોધ પ્રદર્શનોને પૂરતા પ્રમાણમાં કવર ન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. તેનું કારણ એ છે કે ગોદી મીડિયા દ્વારા પહેલાં જંતરમંતરના યુવા આંદોલનની ઉપેક્ષા કરવામાં આવી હતી, કારણ કે સરકાર ઇચ્છતી નહોતી કે તેનો પ્રચાર થાય. ગોદી મીડિયાની આ કમી સોશ્યલ મીડિયા દ્વારા સરભર કરવામાં આવી હતી, જેના દ્વારા જેનઝીના આંદોલનને બહોળી પ્રસિદ્ધિ મળી હતી. ૨૦ જુલાઈના સોનમ વાંગચૂકની ધરપકડને પગલે આંદોલન પ્રચંડ થઈ ગયું ત્યારે ગોદી મીડિયા કેમેરા લઈને તેને કવર કરવા દોડી આવ્યું હતું; પરંતુ યુવાનો દ્વારા તેમનો હુરિયો બોલાવવામાં આવ્યો હતો. બીજી તરફ સરકારના વિરોધમાં રિપોર્ટિંગ કરતાં પત્રકારોને ભારે માન આપવામાં આવ્યું હતું.

ભાજપના આઇટી સેલ દ્વારા મૂકવામાં આવતી સોશ્યલ મીડિયા પોસ્ટ હજારો યુવા ઇન્ફ્લુઅન્સરો દ્વારા સ્પામ કરવામાં આવે છે. ભારતના ન્યાયતંત્રને પણ સોશ્યલ મીડિયાની તાકાતનો પરચો મળી ગયો છે. હકીકતમાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંતની કોકોચવાળી કોમેન્ટના પરિણામે જ કોકોચ જનતા પાર્ટીનો જન્મ થયો હતો, જેને ઇન્સ્ટાગ્રામ પર કરોડો યુવાનોનું સમર્થન મળ્યું હતું. હવે જેનઝીના કોન્ટેન્ટ ક્રિયેટરો ચીફ જસ્ટિસની 'યુવાનો પરના લાઠીચાર્જનો વીડિયો જોવાનો ટાઇમ નથી' મતલબની કોમેન્ટ પર મેમ બનાવી રહ્યા છે, જેને જોઈને સુપ્રીમ કોર્ટે તેની કાર્યવાહીનું રેકોર્ડિંગ સોશ્યલ મીડિયા પર મૂકવા પર પ્રતિબંધ ફરમાવી દીધો છે. ભાજપ સરકારે જેનઝીની તાકાતને ઓછી આંકવાની ભૂલ કરી, તેનું પરિણામ તે હવે ભોગવી રહી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

મોદી સરકારે અબજો રૂપિયાનો ખર્ચો કરીને સોશ્યલ મીડિયામાં જે ઉજળી ઇમેજ બનાવી હતી, તે રિયા આહિરની એક જ રીલની તાકાતને કારણે ધૂળધાણી થઈ ગઈ છે

અનુસંધાન ... પાના પહેલાનું

મોડી રાત્રે...

પણ જાહેર કરાયું છે. વિશ્લેષકોના મતે, સેલ્ફી મોડમાં અને મોડી રાત્રે પોસ્ટ કરાયેલા વીડિયો દ્વારા વડાપ્રધાને યુવા પેઢી સુધી સીધો પહોંચવાનો પ્રયાસ કર્યો જેનાથી આ વીડિયોને કરોડો લોકો સુધી પહોંચાડવામાં સફળતા મળી છે. જોકે વીડિયોને સોશિયલ મીડિયા પર મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. અનેક લોકોએ શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની જવાબદારી અને CJPના પ્રદર્શનકારીઓ સામે થયેલી પોલીસ કાર્યવાહી અંગે પણ સ્પષ્ટતા કરવાની માગ કરી હતી. કેટલાકે તેને મોડો પ્રતિસાદ ગણાવ્યો, જ્યારે અન્યોએ વડા પ્રધાનને વીડિયો સંદેશને બદલે પત્રકાર પરિષદ યોજવાની સલાહ આપી હતી.

ઈન્સ્ટાને ધ્યાનમાં...

મોદીએ ત્રણ મિનિટથી પણ નાનો એક સેલ્ફી વીડિયો પસંદ કર્યો, જે કદાચ યુવાનો અને 'ડિજિટલ-ફર્સ્ટ' દર્શકોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને 'મિત્રો' કહીને સંબોધતા તેમણે કહ્યું, "હું જાણું છું કે પેપર લીક થવું એ કોઈ નાની વાત નથી. આનાથી લાખો વિદ્યાર્થીઓ અને તેમના માતાપિતાને ભારે દુઃખ પહોંચ્યું છે. આ જ કારણે, પેપર લીકની ઘટના પછી છેલ્લા અઢી મહિનામાં ઘણા પગલાં લેવામાં આવ્યા છે... દોષિતોની ધરપકડ કરી લેવામાં આવી છે અને તેઓ હવે જેલમાં છે." આ મેસેજનો સમય પણ ખૂબ જ ખાસ હતો. પ્રધાનમંત્રી મોદી મોડી રાત્રે વીડિયો નિવેદન જાહેર કરવા માટે જાણીતા નથી. નોટબંદી કે ઓપરેશન સિંદૂર જેવી મહત્ત્વની ઘટનાઓ વખતે પણ મધ્યરાત્રિએ કોઈ મેસેજ આવ્યો નહોતો. જોકે, ગુરુવારે તેમણે રાત્રે ૧૧:૫૨ વાગ્યે વીડિયો પોસ્ટ કર્યો, જ્યારે ઘણા યુવાનો સોશિયલ મીડિયા પર એક્ટિવ હોય છે; આ 'જેન ઝી' (Gen Z) સાથે તેઓ સૌથી વધુ વાપરતા હોય તેવા પ્લેટફોર્મ્સ પર જોડાવાનો એક સોચ્યો-સમજ્યો પ્રયાસ હતો.

મોદીના સેલ્ફી...

કેન્દ્રીય કેબિનેટ બેઠકમાં વડા પ્રધાને મંત્રીઓને ઈન્સ્ટાગ્રામ પર વધુ સક્રિય રહેવા અને ખાસ કરીને યુવાનો સાથે સીધો સંવાદ સાધવા અપીલ કરી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ તેમણે માત્ર સરકારી યોજનાઓની માહિતી મૂકવાને બદલે રીલ્સ અને ઇન્ટરએક્ટિવ કન્ટેન્ટ દ્વારા યુવાનો સાથે વધુ અસરકારક રીતે જોડાવાની સલાહ આપી હતી. કેબિનેટે આ બેઠકમાં પેપર લીક કરનારાઓ સામે વધુ કડક સજાની જોગવાઈ કરતો સુધારા બિલ પણ મંજૂર કર્યો, જેમાં સંગઠિત ગેંગ માટે 10 વર્ષની જેલ અને રૂ. 1 કરોડ સુધીના દંડની જોગવાઈનો પ્રસ્તાવ છે.

26 દિવસ બાદ...

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ કહ્યું કે જંતર-મંતર પર શાંતિપૂર્ણ વિરોધ કરનારા તેમજ 20 જુલાઈની 'સંસદ ચલો' રેલીમાં જોડાયેલા લોકો સામે કેસ નોંધવામાં સરકાર હકારાત્મક વલણ ધરાવે છે. ઉપરાંત પરીક્ષા સુધારણા અને પેપર લીક મુદ્દે સંસદમાં ચર્ચા તેમજ નીટ પેપર લીક બાદ આપઘાત કરનારા વિદ્યાર્થીઓના પરિવારોને યોગ્ય વળતર આપવા અંગે પણ સરકાર વિચારણા કરી રહી છે. વાંગચુકે જણાવ્યું કે વિવિધ રાજકીય પક્ષોના 65 સાંસદોએ તેમને ભૂખ હડતાળ સમાપ્ત કરવા અપીલ કરી હતી. જોકે કોકરોચ જનતા પાર્ટી (CJP)એ સ્પષ્ટ કર્યું કે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા, પરીક્ષા પ્રણાલીમાં સુધારા, નીટ પેપર લીકના પીડિત પરિવારોને રૂ. 1 કરોડ વળતર અને શાંતિપૂર્ણ વિરોધીઓ સામેની કાર્યવાહી પાછી ખેંચવાની માંગણીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી જંતર-મંતર પર તેમનું આંદોલન ચાલુ રહેશે.

પેપર લીક કેસોમાં...

માટે ત્રણથી પાંચ વર્ષની કેદ અને સંગઠિત ગુનાખોરી દ્વારા થતી ચોરી તથા પેપર લીકમાં સામેલ લોકો માટે પાંચથી 10 વર્ષની કેદ અને ન્યૂનતમ રૂ. 1 કરોડના દંડની જોગવાઈ છે. આ બિલનો હેતુ આર્થિક લાભ માટે ગેરરીતિઓ આચરતી સંગઠિત ગેંગ અને સંસ્થાઓને રોકવાનો છે, જ્યારે પરીક્ષાર્થીઓને આ કાયદાની જોગવાઈઓ સામે રક્ષણ આપવામાં આવ્યું છે. હાલનો કાયદો UPSC, SSC જેવી ભરતી પરીક્ષાઓ અને NEET, JEE તથા CUET જેવી પ્રવેશ પરીક્ષાઓમાં પેપર લીક, ગેરરીતિઓ તેમજ સંગઠિત ગેરરીતિઓને અટકાવવા માટેનો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, સુધારા વિધેયક સોમવારે સંસદમાં રજૂ થાય તેવી શક્યતા છે, જેની જાહેરાત વડાપ્રધાન મોદીએ ગુરૂવારે મધ્યરાત્રિની આસપાસ જારી કરેલા એક વિડિયો સંદેશમાં કરી હતી.

ધર્મેન્દ્ર પ્રધાનના...

કોન્સ્ટીટ્યુશન કબલમાં યોજાયેલી આ બે કલાકની બેઠકનો મુખ્ય હેતુ NEET પેપર લીક અને પરીક્ષા પદ્ધતિની અન્ય અનિયમિતતાઓ સામે ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોનો સૌહાર્દપૂર્ણ ઉકેલ લાવવાનો હતો. જે. પી. નડ્ડાએ જણાવ્યું કે મંત્રીઓએ તેમની માંગણીઓ સાંભળી છે અને CJP ને આ અંગે વહેલી તકે જવાબ આપવાનું આશ્વાસન આપ્યું છે. તેમણે ઉમેર્યું, અમે શનિવારે ફરીથી બેઠક કરીશું. બેઠક બાદ પત્રકારો સાથે વાતો કરતા દાસે કહ્યું, અમે કેન્દ્રીય મંત્રીઓને સ્પષ્ટ કહી દીધું છે કે ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની અમારી માંગ બિલકુલ બિન-વાટાઘાટપાત્ર છે. વાટાઘાટોમાં કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા, જિતેન્દ્ર સિંહ અને CJP પ્રવક્તા સૌરભ દાસ, આશુતોષ રાંકા સામેલ થયા હતા. બેઠક પછી CJP પ્રવક્તા આશુતોષે દૈનિક ભાસ્કરને કહ્યું, 'અમે ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા પર કોઈ સમજૂતી નહીં કરીએ. સરકારે વળતર આપવા અને પ્રદર્શનકારીઓ સામે નોંધાયેલા કેસ પાછા ખેંચવા પર સહમતિ દર્શાવી છે.' કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ જણાવ્યું, 'બે કલાકની વાતચીતમાં CJPએ સરકાર સમક્ષ ૩ મુખ્ય માંગણીઓ અને પરીક્ષા પદ્ધતિમાં સુધારાના ૫ સૂચનો મૂક્યા છે. અમે આના પર વિચાર કરવા માટે આવતીકાલ સુધીનો સમય માંગ્યો છે.'

CJPએ સરકાર...

પોતાનું વલણ સ્પષ્ટ કરી જ દીધું હતું. પત્રમાં વધુમાં જણાવાયું હતું કે, આ ઉપરાંત, ભારત સરકાર, રેપિડ એક્શન ફોર્સ (RAF)ના વડા અને દિલ્હી પોલીસ કમિશનરે પણ આ દળો દ્વારા જે વિદ્યાર્થીઓ પર હુમલો કરવામાં આવ્યો હતો તેમની જાહેર માફી માંગવી જોઈએ. સંગઠને આ માંગણીઓ વહેલી તકે સ્વીકારવાની વિનંતી કરી છે, નહિતર આ આંદોલન વધુ વ્યાપક બનશે અને સમગ્ર દેશમાં ફેલાઈ જશે તેવી ચેતવણી આપી છે.

ગોધરા નગરપાલિકા
ઓનલાઈન ટેન્ડર નિવિદા-૫ સને-૨૦૨૬-૨૭

આથી તમામ એજન્સી/ કોન્ટ્રાકટર વિ. ને ગોધરા શહેર માં વિવિધ વિકાસ ના કામો માટે સરકારશ્રીની વિવિધ ગ્રાંટો પૈકી સી.સી.રોડ, ડામર રોડ, પેવર બ્લોક રોડ, સંરક્ષણ દિવાલ, વિગેરે વિકાસ કામોના અંદાજીત રકમ રૂ. ૫૦.૪૩ લાખ થી રૂ.૪૯૯.૩૪ લાખ ના કુલ ૦૩ પેકેજ માટે (૨). ભુગર્ભ ગટર ના મેઈન હોલ ફ્રેમ અને ઢાંકણા (ત્રીજો પ્રયત્ન) અંદાજીત રકમ રૂ.૯.૦૫ લાખ ના ૦૧ કામ (૩). લાઈટ વિભાગમાં ઈલે. મટીરીયલ્સ ખરીદવા માટે વાર્ષિક ભાવનું ટેન્ડર (૪). પાણી વિભાગમાં વિવિધ મટીરીયલ્સ ખરીદવા માટે વાર્ષિક ભાવના ઓનલાઈન ટેન્ડર tender.nprocure.com વેબસાઈટ ઉપર ઓનલાઈન પબ્લીશ કરવામાં આવેલ છે. પ્રસ્તુત કામોના ઓનલાઈન ટેન્ડરો તા.૧૦/૦૮/૨૦૨૬ સુધી ભાવો ભરી શકાશે. ભાવો ભરેલ એજન્સી /કોન્ટ્રાકટરે ટેકનીકલ બીડ તા.૧૩/૦૮/૨૦૨૬ સુધી મુખ્ય અધિકારીશ્રી, નગરપાલિકા ગોધરાના નામથી આર.પી.એડી/સ્પીડ પોસ્ટ થી મોકલી આપવાના રહેશે. તા. ૧૪/૦૮/૨૦૨૬ ના રોજ ટેન્ડરો ઓપન કરવામાં આવશે. તમામ ટેન્ડરો રદ બાતલ કરવાનો હકક નગરપાલિકાને અબાધિત રહેશે. તા. ૨૩/૦૭/૨૦૨૬

(એસ. પી. પટેલ) મુખ્ય અધિકારી નગરપાલિકા ગોધરા
(ડૉ. આનંદ કુમાર ઘડીયાળી) ચેરમેન કારોબારી સમિતી નગરપાલિકા ગોધરા
(જશોદાબેન પ્રજાપતિ) પ્રમુખ નગરપાલિકા ગોધરા
(માહિતી/ગોધરા/૩૩૫/૨૬)

સુરત મહાનગરપાલિકા,જાહેર આરોગ્ય ખાતુ(જાહેરાત)
-:સ્થાનિક મેડીકલ સ્ટોર ધરાવનાર જોગ:-

સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ/ પેન્શનરો/ મ્યુ.કાઉન્સીલર્સ/નગરપ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્યશ્રીઓ/માજી સભ્યોશ્રી તેમજ તેઓનાં આશ્રિતોને સુરત મહાનગરપાલિકાના જાહેર આરોગ્યખાતા સંચાલિત તમામ અર્બન હેલ્થ સેન્ટર/અર્બન હેલ્થ સેન્ટર અને મેટ.હોમ ખાતેથી ફરજ ઉપરના રેસી. મેડીકલ ઓફિસરશ્રી/મેડીકલ ઓફિસરશ્રી/લેડી મેડીકલ ઓફિસરશ્રી/જુ.મેડીકલ ઓફિસરશ્રી દ્વારા અર્બન હેલ્થ સેન્ટર/અર્બન હેલ્થ સેન્ટર અને મેટ.હોમ ખાતે ઉપલબ્ધ ન હોય તેવી પ્રિસ્ક્રાઈબ્ડ કરી આપવામાં આવતી દવાઓ/ઈન્જેકશનો વિ.પૂરી પાડવા અંગે રસ ધરાવતા હોય તેવા સુરત શહેર વિસ્તારમાં આવેલ મેડીકલ સ્ટોર્સ પાસે નીચેના શીડયુલમાં જણાવ્યા મુજબની વિગતે અરજીઓ મંગાવવામાં આવે છે.

ઈ.એમ.ડી.ની રકમ રૂા.	રૂ.૧૦,૦૦૦/- ડીમાન્ડ ડ્રાફ્ટ (''કમિશ્નરશ્રી,સુરત મહાનગરપાલિકા'' ના નામનો હોવો જોઈએ)
અરજી ફોર્મ મેળવવાનું સ્થળ અને સમયગાળોઃ	સ્થળઃરૂમ નં.૦૮,શ્રી તાપી ભવન,તાપી પુરા, સુરત મહાનગરપાલિકા, સુરત-૩૯૫૦૦૩ સમયગાળોઃ તા.૨૭/૦૭/૨૦૨૬ ૦૧/૦૮/૨૦૨૬ (સવારે ૧૦.૩૦ કલાક થી સાંજે ૬.૧૦ કલાક સુધી (રજાના દિવસો સિવાય)
અરજી ફોર્મ પરત કરવાનું સ્થળ અને સમયગાળોઃ	સ્થળઃમુખ્ય હિસાબનીશશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરત -૩૯૫૦૦૩ સમયગાળોઃ તા.૨૭/૦૭/૨૦૨૬ થી ૦૧/૦૮/૨૦૨૬ સવારે ૧૦.૩૦ કલાક થી સાંજે ૬.૦૦ કલાક) દરમ્યાન જાહેર રજાના દિવસો સિવાય ફકત સ્પીડ પોષ્ટ અથવા રજી.એ.ડી.થી સીલબંધ કવરમાં ઈ.એમ.ડી.ની રકમનો ડીમાન્ડ ડ્રાફ્ટ તેમજ અરજીફોર્મ તથા અરજીફોર્મમાં જણાવ્યા મુજબના પુરાવાઓ સહિત મોકલવી.
માન્યતા આપવાનો સમયગાળોઃ	તા.૧૦/૦૮/૨૦૨૬ થી તા.૦૯/૦૮/૨૦૨૭(૧ વર્ષ)

નોંધઃ-(૧) સેન્ટ્રલઝોન,ઈસ્ટ(વરાછા)ઝોન-એ અને બી,સ